હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બાપુ... તમારા કરેલ કામ ફરીથી કરવાનું આવ્યું છે... લોકો હવે તેના પોતાના નાક અને મોંને પણ અડતા નથી...

શહેરમાં ૪૬.૫૮ ટકા એકટિવ કેસ : ૫૨.૦૫ ટકા ડિસ્ચાર્જ

ગાંધીનગર મહાનગરપાલિકાના કોરોનાગ્રસ્ત ૧૮ વિસ્તારમાંથી શૂન્ય કેસ એકટિવ હોય તેવા પાંચ સેકટરો અને પાંચથી વધુ એકટિવ કેસો હોય તેવું એક જ સેકટર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકામાં તા. ૧૯મી મે, સુધી ૭૩ કોરોનાના પોઝિટીવ કેસો નોંધાયા છે. જેમાંથી એકટિવ કેસો માત્ર ૩૪ છે. તેમજ ૩૮ દર્દીઓએ કોરોનાને પરાસ્ત કરતાં ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. તેમજ એક વ્યક્તિનું મૃત્યૂ થયું છે. મહાનગરપાલિકા વિસ્તારના વિવિધ સેકટરોના ૧૮ વિસ્તારોમાં કોરોનાના પોઝિટીવ કેસ નોંધાયા છે. જેમાંથી પાંચ વિસ્તારમાં એકટિવ કેસ શૂન્ય છે. તેમજ પાંચ અને તેથી વધુ એકટિવ કેસોમાં માત્ર એક જ સેકટરનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં પ્રથમ કોરોનાનો કેસ તા.૧૯મી માર્ચે સેકટર-૨૯ ના રહીશને પોઝિટીવ આવ્યાનું માલૂમ પડ્યું હતું. ત્યારબાદ સમય સાથે કેરોનાના કેસોની સંખ્યા વધી હતી. એપ્રિલ માસમાં થોડાક સમય માટે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર કોરોના મુક્ત બની ગયો હતો. તે પછી અચાનક જ કોરોનાનું સંક્રમણ વધતા કેસોની માત્રા વધવા લાગી હતી. તા. ૧૯મી મે, ૨૦૨૦ સુધીમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૮ વિસ્તારમાં કુલ- ૭૩ કોરોના પોઝિટીવ કેસ નોંધાયા હતા. જેમાંથી તારીખ ૧૯મી મે, સુધીમાં માત્ર ૩૪ કેસો એકટિવ હતા.

ગાંધીનગર મહાનગર પાલિકાના ૧૮ વિસ્તારમાં કોરોના પોઝિટીવ કેસો આવ્યા હતા. જેમાંથી પાંચ વિસ્તાર (સેકટર-૭,૧૨,૨૨,૨૯ અને ૩૦) માં શૂન્ય એકટિવ કેસ થઇ ગયા છે. એક કોરોનાનો એકટિવ કેસ હોય તેવા છ વિસ્તાર છે. જેમાં સેકટર-૪,૬,૭,૧૩,૧૭ અને ૨૩ ના વિસ્તારનો સમાવેશ થાય છે. સેકટર-૩ અને ૮ માં બે જ કોરોનાના એકટિવ કેસ છે. ૩ એકટિવ કેસ હોય તેવા સેકટરમાં સેકટર-૨, ૩/ન્યુ અને ૨૭ નો સમાવેશ થાય છે. ચાર એકટિવ કેસ માં માત્ર એક જ સેકટર-૨૧ નો સમાવેશ થાય છે. પાંચ કે તેથી વધુ કોરોના એકટિવ કેસ હોય તેમાં માત્ર સેકટર-૨૪ નો સમાવેશ થાય છે.

આમ ગાંધીનગર મહાનગરપાલિકામાં કુલ કેસોમાંથી ૪૬.૫૮ ટકા જેટલા કેસો એકટિવ કેસ છે. જયારે ૫૨.૦૫ ટકા જેટલા કેસો ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. કોરોનાથી મૃત્યૂ થયાની ટકાવારી માત્ર ૧.૩૭ ટકા જ છે.

લોકડાઉનમાં છૂટછાટ મળતાં બજારો ધીમે ધીમે ખુલી રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી સુના પડેલા બજારોમાં ચહલપહલ જોવા મળી હતી. ગાંધીનગર જિલ્લાના ચિલોડા જંકશન ખાતે આવેલી દુકાનો શરૂ થતાં આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ગ્રામજનો ખરીદી માટે ઉમટી પડયા હતા. દુકાનદારોએ સોશ્યલ ડીસ્ટન્સનું પાલન કરાવી કામગીરી શરુ કરી હતી.

વાહ પ્રમાણિકતા... એટીએમ મશીનમાંથી મળેલા ૧૦ હજાર બાપ-દિકરીએ બેંકને પરત કર્યા..!!!

ગાંધીનગર, તા. ૨૦

એક તરફ છેલ્લાં બે માસથી દેશભરમાં લોકડાઉનની સ્થિતિને કારણે નાગરિકોના હાથ પર રોકડ નાણાંની ખેંચ વર્તાઈ રહી છે, નાગરિકોની આવક પર ફટકો પડ્યો છે આમ છતાં હજુ પણ સામાન્ય નાગરિકે તેની પ્રમાણિકતાને છોડી નથી જે આ ભારતીય સંસ્કૃતિની તાસીર છે. ગાંધીનગરના વાવોલના એક સરકારી કર્મચારીએ બેંકના એટીએમમાંથી મળેલા રૂ. ૧૦ હજારને પરત કરી પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

બનાવની વિગત મુજબ ગત તા. ૧લી મે ના રોજ વાવોલની દ્વારકેશ રેસિડેન્સીમાં રહેતા અને કલોલ હેડ પોસ્ટ ઓફિસની પોસ્ટલ આસીસ્ટન્ટ તરીકે કાર્યરત એન.ડી. ચૌહાણ નામના વ્યક્તિ તેમના પગાર જે બેંક ખાતામાં જમા થયો હતો તેમાંથી જરૂરિયાત મુજબના નાણાં ઉપાડવા પોતાની દિકરી વૃત્તિ ચૌહાણ સાથે એસબીઆઈના એટીએમ પર ગયા હતા પરંતુ તે કાર્યરત ના હોવાથી તેઓ વાવોલના મહાકાળી મંદિર પાસેના બેન્ક ઓફ ઈન્ડિયાના એટીએમ કેન્દ્ર પર પહોંચ્યાં હતા. અહીં તેમણે અંદર જતા જ એટીએમ મશીનની ટ્રે માં રૂ. ૧૦ હજાર પડેલા જોયા અને સાથે સ્લીપ પણ મશીનમાં હતી. તેથી આ તેમણે મેળવી ત્યારબાદ પોતાના ખાતામાંથી જરૂરી નાણાં ઉપાડી બાપ-દિકરી પેલા નાણાં અને સ્લીપ લઈને ઘરે આવી ગયા હતા.

આ પછી ગુગલ પર સર્ચ કરીને બેન્ક ઓફ ઈન્ડિયાની ઝોનલ ઓફિસનો સંપર્ક સાધ્યો હતો અને સમગ્ર ઘટના જણાવતા બેંક અધિકારીએ પોતાનો મોબાઈલ નંબર આપી સ્લીપનો ફોટો, વિગતો વગેરે મોકલવા જણાવ્યુ હતુ અને ઝડપથી ઘટતુ કરવાની ખાત્રી આપી હતી. બે-ત્રણ વાર આ બાબતે એન.ડી. ચૌહાણે પેલા અધિકારીને રીમાઈન્ડર પણ કરાવ્યુ હતુ અંતે આજે તેમને બેન્ક ઓફ ઈન્ડિયામાંથી કોલ કરીને સેક્ટર-૧૬ની શાખામાં બોલાવાયા હતા જયાં પેલા નાણાં બેંકના ઓફિસ એકાઉન્ટમાં જમા કરાવી તેમને એક લેટર આપી સાથે શુભેચ્છા ભેટ સાથે સન્માન કર્યુ હતુ. આ પ્રસંગે બેંકના શાખા મેનેજર પી.કે. દાસ, ઝોનલ મેનેજર સુવેન્દ્રકુમાર બેહરા અને ડેપ્યુટિ ઝોનલ મેનેજર ગીરીશકુમાર ઉપસ્થિત રહ્યા હતા અને બાપ-દિકરીને પ્રસંશા પત્ર સુપરત કર્યો હતો. આવા કપરા સમયમાં જેના નાણાં હશે તેને કેટલી તકલીફ પડી હશે તેવુ વિચારીને પોતાને મળેલા નાણાં પરત કરવાની બાપ-દિકરીએ દાખવેલી પ્રમાણિકતાને પગલે તેમને સ્નેહીજનનો-પડોશીઓ વગેરે દ્વારા બિરદાવવામાં આવી રહ્યાં છે.

સેકટર-૭ ખાતે ઉભી રહેલી કારમાં પાંચ શખ્સોએ તોડફોડ કરી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૭ ખાતે ઉભી રહેલી કારમાં પાંચ શખ્સો તોડફોડ કરી હતી અને કારમાં સવારે એક યુવકને હાથમાં ચપ્પાથી ઈજા થઈ હતી. જયારે બીજા વ્યકિતને માથામાં લાકડી અને ગડદાપાટુનો મારમાર્યો હતો. બનાવ અંગે ફરીયાદીએ તાજેતરમાં અંબાપુર ખાતે થયેલ ઝઘડાને લઈ અદાવતમાં આ હુમલો થયો હોવાની શંકા વ્યકત કરાઈ છે.

મુજબ અંબાપુર ગામે રહેતા નરેશજી ઠાકોર સેકટર-૭ પોલીસ મથકે નોંધાવેલ ફરીયાદ મુજબ શહેરની ખાનગી હોસ્પિટલમાં તેમના કુટુંબી કાકા તેમજ અંબાપુરના સરપંચ સુરેશજી ઠાકોર સારવાર હેઠળ છે. જેને પગલે ફરીયાદી અને તેના મિત્રો નિલમ પ્રજાપતિ, ચેતન વાળંદ, જીતેન્દ્ર ગોસ્વામી, સપનભાઈ મહેતા ખબર કાઢવા માટે ગયા હતા.ત્યારબાદ મંગળવારના રોજ સાંજના સુમારે સેકટર-૭ શોંપીગ સેન્ટર ખાતે ફળ-ફળાદી લેવા માટે ગયા હતા. જયારે બાકીના મિત્રો ગાડીમાં બેસી રહ્યા હતા. તે સમયે અચાનક એક ગાડી માં પાંચ જેટલા શખ્સો આવી પહોંચ્યા હતા અને ગાડીને ઘેરીને પાંચેય જણા લાકડીઓ અને પાઈપોથી તોડફોડ કરી હતી. શોંપીગમાં અચાનક આ પ્રકારની ઘટના બનતા અન્ય નાગરીકો પણ અચંબામાં પડી ગયા હતા. ગાડીમાં તોડફોડ કરીને શાંત ન પડેલા હુમલાખોરમાંથી એક શખ્સે ચપ્પુ મારતા ગાડીમાં બેઠેલા જીતેન્દ્ર ગોસ્વામીને હાથમાં ઘસરકો થતા ઈજા પહોંચતા ગભરાઈ જતા ગાડી દોડાવી મુકી હતી. જેથી ફળ લેવા માટે ઉતરેલા સપનભાઈ હુમલાખોરના હાથમાં આવી જતા તેમને માથામાં લાકડી અને ગડદાપાટુનો માર માર્યો હતો. જેથી ફરીયાદી સહિતના મિત્રોએ તેમને તાત્કાલીક સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા. ગાડીમાં તોડફોડ અને મારામારીની ઘટનાને લઈ નરેશજી ઠાકોર દ્વારા અજાણ્યા પાંચ શખ્સો સામે ફરીયાદ નોંધાવી છે. ફરીયાદીએ શંકા વ્યકત કરી છે કે તેમના કાકા અને અંબાપુર સરપંચને પાણી નિકાલની જગ્યા અંગે અડાલજના કેટલાક શખ્સોએ માર માર્યો હતો. જેથી કાકાએ નોંધાવેલી ફરીયાદની અદાવતમાં આ હુમલો થયો હોવો જાઈએ.

ગાંધીનગર જિલ્લાની દહેગામ અને માણસા સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણીની કામગીરીનો આરંભ

ગાંધીનગર જિલ્લાની દહેગામ અને માણસા સબ રજિસ્ટ્રાર કેચરીમાં દસ્તાવેજ નોધણીની કામગીરી શરૂ કરવાનો નિર્ણય ગુજરાત રાજય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

આ અંગે ગાંધીનગર નોંધણી નિરીક્ષકએ જણાવ્યું છે કે, દહેગામ અને માણસા સબ રજીસ્ટ્રાર કચેરીમાં માત્ર ઓનલાઈન એપોઈન્ટમેન્ટ ગરવી વેબસાઈટ http://egarvi.gujarat.gov.in પર મેળવીને અને ઓનલાઈન નોંધણી ફી તથા જરૂરી સ્ટેમ્પ ડયુટી ભરીને દસ્તાવેજ નોંધણી માટે જઈ શકાશે. તેમજ શોધ/નકલની ફી પણ ગરવી વેબસાઈટ (http://egarvi.gujarat.gov.in) પર ઓનલાઈન ભરવાની જરૂરી સુવિધા ઉપલબ્ધ છે. જેથી તમામ સંબંધ કર્તાઓએ શોધ / નકલની ફી ઓનલાઈન ઈ- પેમેન્ટથી જ ભરપાઈ કરી અસલ ચલણ તેમજ અરજી ફોર્મ નંબર- ૩ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં રજૂ કર્યેથી શોધ/નકલ મેળવી શકાશે.

શોધ/નકલ ફીની ગણતરી માટે કોઈ પ્રશ્ન હોય તો સ્થાનિક સંલગ્ન સબ રજિસ્ટ્રારશ્રી કે નોંધણી નિરીક્ષકશ્રીની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. કોરોના વાયરસથી બચવા માટે આરોગ્યલક્ષી દિશા નિર્દેશોનું પાલન કરવા તથા સોશ્યિલ ડિસ્ટન્સીગ જાળવવા, બિન જરૂરી ભીડભાડ ન કરવા અને માસ્ક ફરજીયાત પહેરવા નોંધણી નિરીક્ષશ્રીકે અપીલ કરી છે. તેમજ સરકારશ્રી દ્વારા આપવામાં આવેલા નોવેલ કોરોના વાયરસ બાબતે આપવામાં આવેલા તમામ સૂચના/દિશા નિર્દેશોનું પાલન કરવાનું રહેશે.

વિડિયો કોલિંગથી ૩૬૦ કેદીએ કુટુંબીજનોની સાથે સંવાદ કર્યો

ગાંધીનગર,તા.૨૦

ગુજરાતનું જેલ પ્રશાસન કેદી કલ્યાણના માનવતાભર્યા અભિગમ અને કેદી સુધારણાનું ધામ બનાવવા માટે જાણીતું છે. વડોદરા સેન્ટ્રલ જેલમાં કેદી ભાઈઓના શિક્ષણ, વાંચનાલય, ઉદ્યોગોના માધ્યમથી ઉત્પાદકીય પ્રવૃત્તિઓ, યોગ અને ધ્યાન દ્વારા આરોગ્ય રક્ષા જેવી અનેકવિધ કેદી કલ્યાણની પ્રવૃત્તિઓ ખૂબ લાંબાગાળાથી ચાલી રહી છે અને સુધાર ગૃહ તરીકે નામના મેળવી છે. વર્તમાન કોરોના સંકટમાં વડોદરા સેન્ટ્રલ જેલની વધુ એક માનવતાસભર કામગીરી પ્રકાશમાં આવી છે જેને લીધે લોક ડાઉન હોવા છતાં આ જેલના કેદી ભાઈઓ તેમના કુટુંબીજનોના સંપર્કમાં રહી શક્યા છે. તેને કારણે બંને બાજુઓ અમારા સ્વજન સલામત હોવાની ધરપત બંધાઈ છે. આ અંગે જાણકારી આપતાં જેલ અધિક્ષક બળદેવસિંહ વાઘેલાએ જણાવ્યું કે માર્ચમાં લોક ડાઉન જાહેર થતાં અવર-જવર અને વાહન વ્યવહાર બંધ થઈ ગયાં. કેદીઓને કોરોનાના સંક્રમણથી બચાવવાની તકેદારી રૂપે સમયાંતરે સ્વજનો સાથે રૂબરૂ મુલાકાતની વ્યવસ્થા પણ બંધ કરી દેવામાં આવી. તેના પગલે લોકડાઉનના લાંબા ગાળા માટે કેદી બંધુઓ અને એમના કુટુંબીજનો લાંબા સમય સુધી સંપર્ક વિહોણા થઇ જાય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું. જેલમાં કેદીઓ અને બહાર એમના સ્વજનો, એકબીજાના ક્ષેમકુશળ અંગે ચિંતિત રહે એવી સ્થિતિને ટાળવા વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે બ્રોડબેન્ડ આધારિત વિડિયો કોલની સુવિધાની મદદ લેવામાં આવી અને લોકડાઉનમાં આ ટેકનોલોજી કેદીઓ પરિવારજનો સાથેના સંપર્ક અને સંવાદમાં મદદગાર બન્યા. આ અંગે વધુ વિગતો આપતાં જેલ અધિક્ષકે જણાવ્યું કે માર્ચ મહિનામાં ૧૧૫ અને એપ્રિલ મહિનામાં ૨૪૫ કેદીઓએ વિડિયો સંવાદની સુવિધા ઉપરાંત તેમના પરિવારજનો સાથે ટેલીફોનીક વાતચીત કરીને કોરોના ના કપરા સમયમાં એકબીજાના ખબર અંતર જાણી રાજીપો અને રાહત મેળવ્યા હતા.

પેથાપુર ખાતે શ્રમજીવીઓને જીવનજરુરી ચીજવસ્તુની ૪૦૦ કીટ અપાઈ

કોરોના કોવીડ-૧૯ મહામારીનો સામનો કરવા રાજય સરકાર તેમજ ભાજના આગેવાનો પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. શ્રમજીવી પરિવારોને મદદરૂપ થવાના ઉમદા હેતુથી ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ દ્વારા માનવીય અભિગમ રૂપે અનાજની કીટનું વિતરણ કાર્ય કર્યું હતું. આ અંતર્ગત હિતેશભાઈ બારોટના માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા યુવા મારચાના પૂર્વ પ્રમુખ જયેશભાઈ બારોટ દ્વારા પેથાપુર ખાતે દિવ્યાંગ, વિધવા બહેનો, રોજબરોજના રોજમદાર વર્ગના પરિવારોને ગૃહ ઉપયોગી સામગ્રી અંદાજે ૧૦ કિલો વજનની ૪૦૦ કીટ વિતરણ કરવામાં આવી હતી. આ કીટમાં લોટ, તેલ, ગોળ, ચોખા સહિત જીવન જરુરી સામગ્રીનો સમાવેશ કરાયો હતો.

રાજદીપ એન્ટરપ્રાઈઝની રકતદાન શિબિરમાં ૭૫ બોટલ રકત એકત્ર થયુ

કોરોનાની મહામારી અને લોકડાઉન વચ્ચે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રકતની અછત વર્તાઈ હતી. જેથી રાજદીપ એન્ટરપ્રાઈઝ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે રકતદાન શિબિરનું બુધવારના રોજ સવારે ૯ થી ૨ કલાક દરમિયાન મેડીકલ કોલેજના ત્રીજા માળે આયોજન કરાયુ હતું. ઉનાળાની અંગ દઝાડતી ગરમી અને કોરોનાની કટોકટી વચ્ચે પણ ૭૫ યુનિટ રકત એકત્ર થવા પામ્યું હતું. આ રકતદાન શિબિરમાં રકતદાતાઓનો ઉત્સાહ વધારવા માટે જીએમઈઆરએસના સીઈઓ ડો.આર.દિક્ષિત, સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતિ લાખાણી, સિવિલના આરએમઓ ડો. સુધાબેન, એઆરએમઓ. ડો કલ્પેશ જશપરા સહિત રાજદીપના સંચાલક પ્રવિણભાઈ ચૌધરી, પ્રદિપભાઈ ચૌધરી અને સુરેશભાઈ ચૌધરી પણ ખાસ હાજર રહ્યા હતા. રાજદીપ એન્ટરપ્રાઈઝ તરફથી રકતદાતાઓને શુભેચ્છારૂપે મિનરલ પાણીની બોટલ આપવામાં આવી હતી. આ કેમ્પને સફળ બનાવવા માટે રાજદીપ એન્ટરપ્રાઈઝના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

આજથી 'હું પણ કોરોના વોરિયર' અભિયાન

રાજ્યભરમાં ૨૧મી થી ૨૭મી મે દરમ્યાન યોજાશે : મુખ્યમંત્રીશ્રીની મહત્વપૂર્ણ જાહેરાત

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રવર્તમાન કોરોના વાયરસના સંક્રમણ સામેની સીધી લડાઈમાં રાજયના સૌ નાગરિકો-જનતા જનાર્દનને કોરોના વોરિયર્સની ભૂમિકા નિભાવવાનું પ્રેરક આહવાન કર્યુ છે.

તેમણે આ સંદર્ભમાં રાજ્યના પ્રજાજનો સાથે સોશિયલ મિડીયા ફેઈસબૂક માધ્યમથી સંવાદ સાધતા સ્પષ્ટપણે જણાવ્યું કે, બે મહિનાના લોકડાઉન પછી શરતો અને નિયમોને આધિન આ ચોથા તબક્કાના લોકડાઉનમાં છૂટછાટો આપવામાં આવી છે.

''અત્યાર સુધી આપણે ઘરની અંદર હતા તો સુરક્ષિત હતા પણ હવે બહાર નીકળવાનું થશે ત્યારે આપણે કોરોના સાથે સીધો જંગ છેડવાનો છે'' એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કોરોનાનું કોઈ નિદાન ના મળે ત્યાં સુધી કોરોના આપણી વચ્ચે જ છે એટલે કોરોના વિરૂદ્ધની લડાઈ ચાલુ જ રહેવાની છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, જો કોઈ ભુલ થઈ તો આફત આવી શકે છે એટલે હવે પછી આપણે કોરોના સાથે, કોરોના સામે જીવતા શીખવું પડશે.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના સામેના આ લાંબા યુદ્ધને સૌએ સાથે મળીને લડવા આ સમગ્ર લડાઈને જન-જનની લડાઈ બનાવવા અને પોતાના પ્રિય પરિવારજનો સમા સૌ ગુજરાતીઓની સુરક્ષા માટે ''હું પણ કોરોના વોરિયર' અભિયાનની જાહેરાત કરી છે.

એક સપ્તાહનું આ અભિયાન ગુરૂવાર તા.૨૧મી મે થી તા. ૨૭ મી મે સુધી ચાલશે અને ત્યારબાદ આ અભિયાન દરમ્યાન લીધેલા સંકલ્પનું કાયમ સૌએ પાલન કરવાનું રહેશે.

આ અભિયાનનો મુખ્યમંત્રીશ્રી ગુરૂવારે સવારે ૧૧ કલાકે રાજ્યવ્યાપી પ્રારંભ વિડીયો કોન્ફરન્સથી કરાવશે.

આ પ્રારંભ વેળાએ પૂજ્ય મોરારીબાપૂ, રમેશભાઈ ઓઝા, ગુણવંત શાહ, જય વસાવડા સહિતના અગ્રણી સમાજ પ્રતિનિધિઓ ધાર્મિક, સામાજિક, ઊદ્યોગ-વેપાર જગતના, મહિલા અને યુવા અગ્રણીઓ પણ રાજ્યના વિવિધ ૩૩ સ્થળોએથી જોડાવાના છે.

આ અગ્રણીઓ-ગણમાન્ય વ્યકિતઓ સમગ્ર અભિયાન દરમ્યાન ફેઈસબુક અને ટી.વી.ના માધ્યમથી સૌને માર્ગદર્શન આપશે.

'હું પણ કોરોના વોરિયર' અભિયાન અન્વયે સૌને ત્રણ મહત્વપૂર્ણ સંકલ્પ કરીને પ્રવર્તમાન કોરોના સંક્રમણ સામે રક્ષણની ખાસ અપિલ કરી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જે ત્રણ સંકલ્પો 'હું પણ કોરોના વોરિયર' અન્વયે લેવાની અપિલ કરી છે તેમાં (૧) પરિવારના વડીલો અને બાળકો ઘરમાં જ રહે તેનું ખાસ ધ્યાન રાખવા (૨) માસ્ક પહેર્યા વગર અને કારણ વગર ઘરની બહાર ન નિકળવા તથા (૩) દો ગજ કી દૂરી રાખવા એટલે કે સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમોનું અનુપાલન કરવા આગ્રહ કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ નિયમોના પાલન સાથોસાથ સૌએ રોગપ્રતિકારક શકિત-ઈમ્યૂનિટી વધે તે માટેના ઉપાયો પણ કરતા રહેવાનો પણ અનુરોધ કર્યો છે.

KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED
Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028 CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : cs@kalpatarupower.com

Extract of Audited Financial Results for the Quarter and Year Ended March 31, 2020

(₹ in Crores)

Sr. No.	Particulars	Standalone				Consolidated			
		Quarter ended		Year ended		Quarter ended		Year ended	
		March 31, 2020	March 31, 2019	March 31, 2020	March 31, 2019	March 31, 2020	March 31, 2019	March 31, 2020	March 31, 2019
1	Total Income from Operations	2,303	2,491	7,904	7,115	3,527	3,524	12,676	10,840
2	Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items)	185	218	642	624	88	269	644	761
3	Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items).	185	218	666	624	95	269	648	761
4	Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items)	107	137	463	401	13	166	390	487
5	Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax)	95	161	439	421	(18)	191	351	513
6	Equity Share Capital (Face Value of ₹ 2 each)	31	31	31	31	31	31	31	31
7	Other Equity (excluding Revaluation Reserve)			3,505	3,121			3,327	3,089
8	Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations)								
	a) Basic	6.92	8.92	30.02	26.15	2.00	10.30	25.25	30.42
	b) Diluted	6.92	8.92	30.02	26.15	2.00	10.30	25.25	30.42

Notes :
1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.
2 The Group has adopted Ind AS 116 "Leases" with effect from April 1, 2019, with a modified retrospective approach. The cumulative effect of initial application of Ind AS 116, has been adjusted in opening retained earnings on the date of application i.e. April 1, 2019, which is not material, as permitted by standard. Similar impact on the financial results of the quarter and year ended March 31, 2020 is also not material.
3 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on May 20,2020. The same have also been subjected to audit by the Statutory Auditors.
4 During the current year, on 3rd July 2019, the Company entered into binding agreement with CLP India Private Limited (CLP) to sell its stake in 3 (Three) power transmission assets namely, Kalpataru Satpura Transco Private Limited (KSTPL), Alipurduar Transmission Limited (ATL) and Kohima-Mariani Transmission Limited (KMTL). On November 20, 2019, the Company had completed the sale of its entire stake in KSTPL. Subsequent to the year end, the agreement with CLP for transfer of stake in ATL got terminated due to non-fulfilment of certain conditions precedent as per the agreed terms. The Company is now actively pursuing and evaluating opportunities to sell its stake in ATL and JKTPL to suitable investor(s).
5 Exceptional items includes Gain on sale of KSTPL amounting to ₹ 12 crores and impairment of land and property, plant and equipments of two subsidiary companies amounting to ₹ 8 Crores.
6 The board approved a proposal for buyback of Equity Shares in its meeting held on May 20, 2020 at the Maximum buyback price of ₹ 275/- per equity share and the Maximum buyback size of ₹ 200 crore excluding transaction cost of buyback, indicative number of Equity shares to be bought back would be 72,72,727 Equity Shares (if worked out at the maximum buyback price) comprising approximately 4.70% of the paid-up equity share capital of the Company.
7 The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors
Manish Mohnot
Managing Director & CEO
DIN:01229696

Place : Mumbai
Date : May 20, 2020

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.